INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　તા. ૧૨-૦૭-૨૦૨૩

ગુજરાતનાં ૧૪ જેટલા ગુજરાતી યુવાનો મોટરસાયકલ લઈને મનાલીથી ત્રિલોકનાથ સુધી ટ્રેક માટે સ્પિતિ-2023ની એક ટ્રીપ બનાવીને ટેલરમેઈડ ટ્રીપ પર પ્રવાસે નીકળ્યા હતા, જેઓ છેલ્લા 3 દિવસથી સંપર્કવિહોણા બન્યા છે. ત્યારે પરિવારના સભ્યો તરફથી રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલને રજુઆત મળી હતી. આ યુવાનો ૮ તારીખ બાદ સંપર્ક વિહોણા બન્યા છે જે અતિ ચિંતાનો વિષય છે ગુજરાતના ૧૪ યુવાનો સલામત રીતે પાછા આવે અને તેમના પરિવાર ચિંતા મુક્ત થાય તે અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ઘણા લાંબા સમયથી આ યુવાન મિત્રોનો સંપર્ક થઈ શક્યો નથી માટે માન. વડાપ્રધાનને વિનંતી કરતો ઈમેઈલ કરી ત્યાં કાર્યરત NDRFની ટીમ સાથે આ વિગત આપી સંપર્ક વિહોણા યુવાનોની માહિતી મેળવી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી સાથે ઈમેઈલ કર્યો હતો. પરંતુ આટલી ગંભીર બાબત હોવા છતાં હજુ સુધી કોઈ પ્રતિભાવ કે કોઈપણ પ્રકારનો જવાબ ભારત સરકાર પાસેથી આવ્યો નથી તે મોટી ચિંતાનો વિષય છે.

ગુજરાતના આ જે યુવાનો નીકળ્યા છે તેમાં (1) પાર્થ ઝવેરભાઈ પટેલ, (2) ઝવેરભાઈ બાબુભાઈ પટેલ, (3) વિવેક નરેશભાઈ પટેલ, (4) સાગર જયેન્દ્રભાઈ તુરખીયા, (5) ગૌરાંગ ભાઈલાલભાઈ કાકડીયા, (6) યશ નિતીનભાઈ વરીયા, (7) મોહિત દાઢણીયા, (8) સિદ્ધાર્થ નરેશભાઈ પટેલ, (9) નિસર્ગ રમેશચંદ્ર પટેલ, (10) બ્રિજેશભાઈ બાબુભાઈ પટેલ, (11) તુષારકુમાર સુદાણી, (12) મનુભાઈ ધાનાણી, (13) અશ્વિન આંદ્રપીયા, (14) પિયુષકુમાર હસમુખભાઈ નાકરાણી છે. જે ત્યાંથી મોટરસાયકલ ભાડે લઈને મોટરસાયકલ પર જવાના હતા. તેમાંથી યશ નિતીનભાઈ વરીયા પાસે જે મોટરસાયકલ છે તેનો નંબર HP-66-9518 છે. આ મિત્રો મનાલી સુધી સલામત રીતે પહોંચ્યા પછી મનાલીથી કાઝા અને કાઝાથી ચંદ્રતાલ 8 તારીખે પહોંચ્યા હતા. 9 તારીખે ચંદ્રતાલથી ત્રિલોકનાથ જવા માટે નીકળ્યા છે, જેમનો હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી, એટલે સ્વાભાવિક રીતે તેમના પરિવારો પણ ખૂબ ચિંતિત છે. માન.વડાપ્રધાનશ્રી અને ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી છે કે આ પરિવારો અત્યંત ચિંતામાં છે ત્યારે હવે તપાસ કરવામાં કોઈ વિલંબ ન થવો જોઈએ અને ત્યાંની NDRFની ટીમ, સ્થાનિક પ્રશાસન તાત્કાલિક આ બધા મિત્રોની શોધ શરૂ કરે અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે બધા સહીસલામત હોય, પરંતુ સ્વાભાવિક રીતે આટલા દિવસો સુધી યુવાનો સંપર્કવિહોણા થઈ જાય ત્યારે પરિવારોની હાલત આપણે સમજી શકીએ છીએ. પુનઃ સરકારને વિનંતી છે કે આ બાબત અંગે ત્વરિત રીતે પગલાં લે. કોંગ્રેસના આગેવાનો અને ઈન્ચાર્જને પણ કહ્યું છે કે સ્થાનિક આગેવાનો પણ આ નંબરો અને વિગતો આપી છે તેમની ત્યાં તપાસ કરે અને ભાળ મળ્યે એમને કોઈ તકલીફ હોય તો તેમને મદદરૂપ બને.

સંપર્કવિહોણા તમામ મિત્રો સલામત હશે તેવી આશા શ્રી શક્તિસિંહ ગોહિલે વ્યક્ત કરી હતી.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ